# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ગુજરાત રાજય સરકારશ્રીએ ટેકસટાઈલ ઉદ્યોગોને વેગવંતુ બનાવવા માટે જાહેર કરાયેલ નવી ટેકસટાઈલ નિતીને સહદય આવકારે છે...

ગુજરાત રાજય સરકારશ્રી દ્વારા ટેકસટાઇલ ઉધોગોને વેગવંતુ બનાવવાના હેતુથી નવી ટકેસટાઇલ નિતી જાહેર કરી છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સહદય આવકારે છે. જેનાંથી રાજકોટ-સૌરાષ્ટ્રના ટેકસટાઇલ ઉધોગોને નવી રાહ મળશે. આ નવી ટેકસટાઇલ પોલીસી અન્વયે વિવિધ જોગવાઇઓ થકી ટેકસટાઇલ ઉધોગના વિકાસ સાથે અનેકવિધ રોજગારીની તકોનું નિર્માણ કરવા અને ઉધોગોમાં વિવિધ સસ્ટેનેબલ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારશ્રીની દ્રઢ પ્રતિબદ્ધતા પ્રતિબિંબિત કરે છે. નવી નિતી વસ્ત્રો, ટેકનિકલ ટેકસટાઇલ અને પ્રોસેસીંગ પ્રવૃતિઓ સહિત ટેકસટાઇલ ઉધોગોના વિવિધ વિભાગોનો વિકાસ કરવા માટે તૈયાર કરવામાં આવેલ અનેકવિધ નાણાકીય પ્રોત્સાહનો પ્રસ્તુત કરે છે. ટેકસટાઇલ પોલીસીની મુખ્ય જોગવાઇઓમાં નીચેની બાબતોનો સમાવેશ થયેલ છે જે પ્રસંશનીય છે.

- **કેપિટલ રોકાણ પરત્વે સબસીડી :** આશરે ૧૦૦ કરોડની માર્યદામાં આ યોજનાને પાત્ર વિવિધ કેપિટલ રોકાણો પર ૧૦% થી ૩૫% સુધીની સબસીડી.
- **પાવર ટેરિફ સબસીડી :** રિન્યુએબલ એનર્જી વપરાશને પ્રોત્સાહન આપવા માટે પાંચ વર્ષ માટે યુનિટ દીઠ રૂ.૧ નો ઘટાડો.
- **કામદારના પગાર બાબતે સહાય :** ૫ વર્ષના સમયગાળા માટે રૂ.૨૦૦૦ થી રૂ.૫૦૦૦ પ્રતિ કામદારના પગાર માટે માસિક સહાય, સ્વ-સહાય જુથોને પ્રોત્સાહિત કરવા વિવિધ જોગવાઇઓ અને ગુણવતા પ્રમાણપત્ર અને વિવિધ ટેકનોલોજી પ્રાપ્ત કરવા માટે લેવામાં આવેલ અનેકવિધ પગલાં.

આ પ્રોત્સાહનો ટેકસટાઇલ સેકટરની સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર વધારો કરશે, નવીનતા અને ઓપરેશનલ કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપશે તેવો વિશ્વાસ છે. પ્રસ્તુત ટેકસટાઇલ પોલીસી યોજના હેઠળ નોંધાયેલ "નવા ઔધોગીક એકમો" પર ખાસ આપવામાં આવેલ પ્રાધાન્યતાને રાજકોટ ચેમ્બર આવકારે છે. જે નોંધપાત્ર રોજગારીની તકો ઉભી કરવા માટે એક સુંદર અભિગમ છે. આશરે ૧૦૦૦ થી વધુ મહિલા સહિત ઓછામાં ઓછા ૪૦૦૦ કામદારોને રોજગારી આપતા એકમોને વિસ્તૃત પે-રોલ સપોર્ટ આપવામાં આવશે તેમજ આવા એકમોને મુડી રોકાણ માટે તેમજ વ્યાજ સબસીડી દ્વારા સહાય પુરી પાડવામાં આવશે જે ખુબ જ સરાહનીય બાબત છે. આમ સરકારશ્રીના આ વ્યહત્મક અભિગમથી ટેકસટાઇલ ઉધોગ ખાતે શ્રમ-સઘન કામગીરી થકી જરૂરી સ્થિરતા પ્રાપ્ત થશે તે બાબત નિર્વિવાદ છે. આમ રાજયના ટેકસટાઇલ ઉધોગોને વેગવંતુ બનાવવાના શુભ આશય સાથે જાહેર કરાયેલ નવી ટેકસટાઇલ પોલીસી માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલનો સહદય આભાર વ્યકત કરે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.